રાજયના બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ/
કંપનીઓ/સંસ્થાઓ વિગેરે દ્વારા થતી
ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ
(જી.ઇ.એમ.) પોર્ટલ મારફત કરવા અંગે.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-(બો/કોર્પો.)-ચ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૪/૦૮/૨૦૧૭.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ડાયરેકટર જનરલ, ડી.જી.એસ.એન્ડ.ડી., મીનીસ્ટ્રી ઓફ કોમર્સનો તા.૭/૧૦/૨૦૧૬નો ડી.ઓ. પત્ર ક્રમાંકઃ૩૫૮૪/જીઇએમ/ડી.જી.એસ.એન્ડ.ડી./૨૦૧૬.

(૨) સચિવશ્રી, મીનીસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ભારત સરકારનો તા.૭/૬/૨૦૧૭ નો ડી.ઓ. પત્ર ક્રમાંકઃ પ્રોક.રીફોમર્સ-૧૭-એમ.ઓ.યુ.-૨૦૧૭-આરએનએલ.

<u>આમુખઃ-</u>

ભારત સરકારના નિર્દેશ અનુસાર ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલની ડી.જી.એસ.એન્ડ.ડી. દ્વારા નેશનલ ઇ-ગર્વનન્સ ડીવીઝનની સહાયથી રચના કરવામાં આવેલ છે. ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ એ સરકારી ખરીદીઓ માટેનું સંપૂર્ણપણે ઓનલાઇન સેવા પૂરી પાડતુ પોર્ટલ છે. પ્રસ્તુત પોર્ટલ શ્રેષ્ઠ કાર્યક્ષમતા તેમજ પારદર્શીતા પૂરી પાડે છે.

પ્રસ્તુત બાબતે ભારત સરકારના ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલના ઉપયોગ માટે રાજય સરકાર વતી ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.), ભારત સરકાર સાથે તા.૧૧/૭/૨૦૧૭ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

ચીજવસ્તુઓ તેમજ સેવાઓ પૂરી પાડતા રાજયના સ્થાનિક વિક્રેતાઓના હિતમાં તેમજ આવા સ્થાનિક વિક્રેતાઓ પાસેથી જ વધુમાં વધુ સરકારી ખરીદી થઇ શકે તે હેતુને ધ્યાને લઇ રાજય સરકારના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, ક્ષેત્રીય કચેરીઓ તેમજ બોર્ડ/કોર્પોરેશનો/ સોસાયટીઓ/સંસ્થાઓ ને રાજયના આવા વધુમાં વધુ સ્થાનિક વિક્રેતાઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવે તે માટે તેમને પ્રોત્સાહિત

કરવા તેમજ તેમના રજીસ્ટ્રેશનની કાર્યવાહી માટે જરૂરી તમામ પ્રયત્નો/સહાયતા કરવા જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજય સરકારના તમામ બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/સોસાયટીઓ/મંડળીઓ/ કંપનીઓ દ્વારા તેમની જરૂરીયાત અનુસાર વિવિધ ખરીદીઓ કરવામાં આવે છે. રાજય સરકારના વહીવટી વિભાગો તેમજ ખાતાના વડાની કચેરીઓ અને જીલ્લા તાલુકા કક્ષાની કચેરીઓ જેમ જ રાજયના આવા તમામ બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/સોસાયટીઓ/મંડળીઓ/ કંપનીઓ પણ તેમના દ્વારા કરાતી ખરીદીઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત કરે તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

આથી પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારના તમામ બોર્ડ/કોર્પોરેશન/ સંસ્થાઓ/સોસાયટીઓ/મંડળીઓ/કંપનીઓ દ્વારા તેમની જરૂરીયાત અનુસાર કરવામાં આવતી તમામ ખરીદીઓ અનિવાર્યપણે ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત જ નીચેની પ્રક્રિયા અનુસરીને કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

➢ <u>રજીસ્ટ્રેશન</u>

Government e-Marketplace (GeM) ઉપર રજીસ્ટ્રેશન કરાવવા અંગે પૂર્વ જરૂરીયાત તરીકે રજીસ્ટ્રેશન કરાવનાર સંબંધિત તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રી દ્વારા અગાઉથી નેશનલ ઇન્ફોર્મેટીક સેન્ટર (NIC) પાસેથી પોતાના હોદ્દાને અનુરૂપ સરકારી ઇમેઇલ એડ્રેસ મેળવી લેવાનું રહેશે.

Government e-Marketplace (GeM) ઉપર સક્ષમ સત્તા ધરાવતા અધિકારીશ્રી સંબંધિત બોર્ડ/કોર્પોરેશન/સંસ્થા/સોસાયટી/મંડળી/કંપનીના વડાએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અથવા તેઓ આ માટે અન્ય સક્ષમ અધિકારીશ્રીની નિમણુક કરી શકશે. આ પ્રકારના રજીસ્ટ્રેશન ત્રણ તબક્કાના અધિકારી/કર્મચારીશ્રી દ્વારા કરવાના થશે. જેમાં,

(૧) ખાતાના બોર્ડ/કોર્પોરેશન/સંસ્થા/સોસાયટી/મંડળી/કંપનીના વડા અથવા તેમના દ્વારા અધિકૃત મુખ્ય વહીવટી અધિકારી.
(૨) મુખ્ય ખરીદકર્તા અધિકારીશ્રી
(૩) હિસાબી અધિકારીશ્રી
(૪) ખરીદકર્તા અધિકારીશ્રી(કન્સાઇની)નો સમાવેશ કરવાનો રહેશે.

➢ <u>ખરીદવાની ચીજવસ્તુની પસંદગી</u>

Government e-Marketplace (GeM) દ્વારા ખરીદવાની થતી ચીજવસ્તુની પસંદગી માટે તેના સ્પેશીફિકેશન નક્કી કરવા માટે જે-તે ખરીદકર્તા બોર્ડ/કોર્પોરેશન/સંસ્થા/સોસાયટી/મંડળી/કંપનીએ પોતાની આંતરીક કમિટી બનાવવાની રહેશે અને તેની નકલ તેઓના સંબંધિત વિભાગને, ઉદ્યોગ અને ખાણ વિભાગને તથા સી.એસ.પી.ઓ. કચેરીને આપવાની રહેશે. આવી કમિટી દ્વારા સ્પેશીફિકેશન તથા અન્ય તમામ બાબતો/શરતો નક્કી કરવાની રહેશે.

<u>નાણાકીય ચુકવણુઃ-</u>

સંબંધિત ખરીદકર્તા બોર્ડ/કોર્પોરેશન/સંસ્થા/સોસાયટી/મંડળી/કંપનીના વડા/ મુખ્ય વહીવટી અધિકારીએ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલના માધ્યમથી ખરીદી કરવાના સંજોગોમાં સપ્લાયરનું બીલનું ચુકવણુ ચીજવસ્તુઓની ખરીદીની સ્વીકૃતિ (સી.આર.એ.સી.) જનરેટ થયા બાદ વધુમાં વધુ ૧૦ દિવસની અંદર કરવાની રહેશે.

<u>ટેન્ડર/બીડ દસ્તાવેજઃ-(ટેન્ડર/બીડ જરૂરી હોય તેવા સંજોગોમાં)</u>

રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની વિવિધ જોગવાઇઓ ધ્યાને લઇ રાજયના ઉત્પાદકો, જુદીજુદી સરકારી તેમજ સરકાર માન્ય સંસ્થાઓ, રાજય સરકારના ખરીદકર્તા વિભાગો, કચેરીઓ વગેરે ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલના માધ્યમથી સરકારી ખરીદી કરે તે સંજોગોમાં સંભવિત કાયદાકીય તેમજ વહીવટીય પ્રશ્નો અને વેચનાર તેમજ ખરીદનાર વચ્ચેના વિવાદોને નિવારવા તેમજ અટકાવવા માટે ખરીદકર્તા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવનાર ટેન્ડર/બીડ દસ્તાવેજમાં ખુબ જ સ્પષ્ટતા સાથે જરૂરી જણાય તેવી તમામ શરતો અચૂક દર્શાવવાની રહેશે. ટેન્ડર બીડમાં ખરીદકર્તા કચેરી પોતાના ટેકનીકલ સ્પેસીફીકેશન તેમજ અન્ય શરતો ઉમેરી શકશે, પરંતુ આના લીધે સ્પર્ધા મર્યાદિત થવી જોઇએ નહીં.

ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ ઉપર ઉપલબ્ધ ન હોય તેવી ચીજવસ્તુઓની ખરીદીમાટે અનુસરવાની કાર્ય પધ્ધતિઃ-

(૧) સૌપ્રથમ એવી ચીજવસ્તુઓ જે ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ પર ઉપલબ્ધ નથી તેની વિગતો સાથે જે પરચેઝ એપ્રુવલ કમિટિ સમક્ષ રજુ કરી મંજુરી મેળવ્યા બાદ ટેન્ડર કરી શકાશે.

(૨) આવી ચીજવસ્તુઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ ઉપર ઉપલબ્ધ થાય તે સારૂ ઉદ્યોગ અને ખાણ વિભાગ મારફત ડી.જી.એસ. એન્ડ ડી. ને જાણ કરવાની રહેશે.

<u>ન્યાયક્ષેત્રઃ-</u>

Government e-Marketplace (GeM) મારફતે થતી ખરીદી બાબતે ઉપસ્થિત થનાર કાયદાકીય તેમજ વહીવટી બાબતોનું ન્યાયક્ષેત્ર ખરીદકર્તા કચેરી જે સ્થળે હશે તે સ્થળ રહેશે. સપ્લાયર દ્વારા વેચાણ સંબંધિત બાબતો/વેચાણ પછીની સેવાઓ/ગેરેંટી/વોરંટી વિગેરેનું પાલન ન થાય તેવા સંજોગોમાં ઉદ્યોગ અને ખાણ વિભાગનાં પરામર્શમાં, સપ્લાયર ઉપર યોગ્ય તે કાર્યવાહી બાબતે નિર્ણય કરશે. આ બાબતના અર્થઘટનમાં ઉદ્યોગ અને ખાણ વિભાગનો નિર્ણય આખરી રહેશે.

પ્રસ્તુત ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૪/૮/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ બિહોલા)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

(૧) માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય.
(૩) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
(૪) માન.કેબીનેટ મંત્રીશ્રીઓ (તમામ) ના અંગત સચિવશ્રીઓ.
(૫) માન.રા.ક.મંત્રીશ્રીઓ (તમામ) ના અંગત સચિવશ્રીઓ.
(૬) મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી.
(૭) સચિવાલયના સર્વે વિભાગો (સંબંધિત વિભાગ હેઠળના બોર્ડ/કોર્પોરેશન/સંસ્થા/સોસાયટી/મંડળી/કંપનીને જાણ કરવાની વિનંતી સહ.)
(૮) તમામ કલેકટરશ્રીઓ
(૯) તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
(૧૦) પસંદગી ફાઇલ.